# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

મ્હેક મારગ નીકળી છે સાઇકલ.
પ્લેનની સામે પડી છે સાઇકલ.
હોય કાલે આભમાં તો ના નહીં,
આજ અમને આવડી છે સાઇકલ.
લોક નહિતર લોહી ચૂંસી લે બધું,
એથી વજ્જર ચામડી છે સાઇકલ.
હાથ હેન્ડલ, બેઉ પગ પેડલ થયા,
ત્યારે અમને પરવડી છે સાઇકલ.

હરદ્વાર ગોસ્વામી

## પાથેય

- રમેશ ઠક્કર

# વજ્જર ચામડી સાયકલ

સાઇકલ કહો કે સાયકલ..એના રોમાંચમાં કોઈ ફરક પડતો નથી...આટલી સરસ ગઝલ વાંચ્યા પછી એના વિશે ઘણું યાદ આવી ગયું..એક અંતરાલ પછી કરેલી સાયકલ સવારી ઢબુરાઇને પડેલા રોમાંચને જીવંત કરી ગઈ..સાયકલથી વિખૂટા પડયાને આમ તો અઢી દાયકા જેટલો અધધ સમય થયો હશે..પણ જીવનના દરેક તબક્કે ક્યાંકને ક્યાંક એની ઝલક તો મળતી જ રહી છે..સોસાયટીમાં આજે પણ સાંજના સમયે ટાબરિયાં માટે સાયકલ એટલી જ રોમાંચક છે જેટલી અમારા સમયમાં હતી..!

એક જમાનામાં અમદાવાદની એમ.જે લાયબ્રેરી મારી સાયકલનું ગંતવ્યસ્થાન રહેતી..આખું અમદાવાદ સાયકલ ઉપર રખડયા પછી એમ.જે. ની એકાદી સાંજ શ્વાસ માટે વિશ્વાસ બની જતી..એના વિશાળ કમ્પાઉન્ડમાં ફક્ત સાયકલો જ પાર્ક થયેલી જોવા મળતી..ક્યાંક કોઇ એકલદોકલ સ્કૂટર કે જવલ્લે જ કોઇ કાર આગંતુકની માફક ઓઝપાઇને ઉભેલાં જોવા મળતાં..એક દબદબો હતો સાયકલ નામે સવારીનો !

મારી સ્મૃતિને સ્વાઇપ કરૂં તો દેખાય છે કે સિત્તરના દાયકાના મધ્યકાળમાં અમરાઇવાડીની એક દુકાન ઉપરથી પહેલી વખત એક નાનકડી સાયકલ દસ વીસ પૈસાના ભાડાથી લઇ શીખવાનો ઉદ્યમ કરેલો..નાનકડા ગામના મુગ્ધ કિશોરની એ યાદગાર પળો હતી..સાયકલ શીખવા માટે કોઇ સ્કૂલ નથી હોતી..નથી હોતું કોઇ લાયસન્સ..સાયકલ ચલાવવી એ આમ જોઇએ તો તરવા તંતરવા જેવી આપકળા જ છે..!

અમદાવાદની સડકો ઉપર સાયકલ ચલાવ્યા પછી મળેલો આત્મવિશ્વાસ ગજબ હતો..કામલપુર ગામમાં તો ગાડું કે બહુ બહુ તો ઉંટલારી આસપાસ જ દુનિયા પુરી થઇ જતી..રાધનપુરના રસ્તાઓ ઉપર સાયકલોની આછીપાતળી પણ આગવી દુનિયા હતી..ઘણા સમય સુધી કોઇ બીજાની સાયકલ જ આમ તો ફેરવવી પડેલી..એનાં રંગરૂપ પણ બદલાતાં ગયાં..નોકરીના પહેલા બે પગારને ભેગા કરી પોતાની કહી શકાય એવી સાયકલ બીએસએલ એસ એલ આર ખાડિયાની એક દુકાનેથી ખરીદ કરી ત્યારે જીવન જાણે ઉત્સવ બની ગયેલું !

સાયકલનાં સ્મરણો અમારી પેઢીનો કોઇપણ માણસ આસાનીથી લખી શકે..મારી સાયકલના કેરિયર ઉપર બેસનારી વ્યકિતઓ અને એના રોમાંચ વિશે તો હું પણ એકાદી નવલકથા લખી શકું..એ બેસનાર વ્યકિત એવી તો કેવી હશે ? એવો પ્રશ્ન વાચકને સહજ થાય..એના જવાબમાં ગાંધીજીના શબ્દોમાં કહું તો ' કહેવા જેવું બધું અહીં કહેવામાં આવશે.. વાંચનારે આનાથી વધુ અપેક્ષા રાખવી નહીં !'

આમ તો જગતમાં સમયની સાયકલ ચાલે છે..જેમાં બધું તળેઉપર થતું રહે છે..ભુતકાળમાં જેનો દબદબો હતો એવી ઘણી ચીજવસ્તુઓ કે સ્થળ સમયચક્રમાં ક્યાંય ગરકાવ થઈ જાય છે..રહી જાય છે કેવળ એની યાદો કે એની જાહોજલાલીની વાતો...

સાયકલ જો કે આમાં અપવાદ છે કદાચ..એ ખરૂં કે એક સમયે એ ઉપયોગિતાની ચીજ હતી..સ્ટેટસ સિમ્બોલ પણ હતી..આજે એની ઉપયોગિતા શારીરિક રીતે ફીટ રહેવા માટે કે એકધારા અનેકવિધ ઘોંઘાટિયા વાહનોથી છુટકારો પામવા માટે થઈ રહી છે..પણ સાયકલ માટે એટલું ચોકક્સ કહી શકાય કે સમયની સાયકલ એને પરાસ્ત કરી શકી નથી !

# આદિવાસી સમુદાયનું સ્વાભિમાન સાચવીએ

ભારતની સ્વતંત્રતા ચળવળનો 'ઓગસ્ટ ક્રાંતિ દિવસ' વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસે ઉજવાતો થઈ ગયો છે. મૂળે અમેરિકામાં ગોરી પ્રજાનો પ્રવેશ કોલંબસના પગલે થયો હોઈ ત્યાં દર વર્ષે ૧૨ ઓકટોબરનો દિવસ 'કોલંબસ ડે' તરીકે ઊજવાતો રહ્યો છે. કોલંબસે અમેરિકા શોધ્યું અને પછી પશ્ચિમની પ્રજાએ એ આદિવાસી મૂળ નિવાસીઓની બેરહેમીપૂર્વક કતલેઆમ ચલાવી. જાગ્રત થયેલા આદિવાસી પ્રજાએ કોલંબસ દિવસને આદિવાસી દિવસ તરીકે મનાવવા માંડ્યો હતો. છેલ્લે જીનેવા ખાતે આદિવાસી સમુદાયન અધિકારો માટે આંતરરાષ્ટ્રીય કાર્યકારી જૂથની રચના થઈ તે દિવસે ૧૯૮૨ની ૯મી ઓગસ્ટ હતી. આ દિવસે કાળક્રમે ૧૯૯૫થી યુનાઈટેડ નેશન્સ દ્વારા વિશ્વ આદિવાસી દિવસ તરીકેની માન્યતા મળી અને ઉજવણી શરૂ થઈ. આદિવાસી જનજાતિઓ દુનિયાભરમાં ફેલાયેલી છે. ભારતમાં પણ ઘણાં રાજયોમાં આદિવાસી પ્રજા વસે છે અને એની આગવી પરંપરાઓ પાળે છે. ઝારખંડ જેવા પ્રદેશમાં તો રાજયની ૨૮ ટકા વસતિ આદિવાસી છે. ગુજરાતમાં પણ દાંતાથી દાહોદ અને છોટા ઉદેપુરથી ડાંગ સુધી આદિવાસી સમુદાય વિસ્તરેલો છે. દેશને પ્રથમ આદિવાસી મુખ્યમંત્રી કદાચ નોર્થ ઈસ્ટના જનજાતિ વિસ્તારોએ આપ્યો હશે, પરંતુ ગુજરાતના ફાળે પણ અમરસિંહ ચૌધરી જેવા લોકપ્રિય આદિવાસી નેતાને એ પદ પર બિરાજમાન કરવાની તક મળેલી છે. આજે તો ગુજરાતના વતની અને દેશના વડાપ્રદાને ઓડિશાના અંતરિયાળ વિસ્તારમાં એક કર્મઠ આદિવાસી મહિલાને દેશનાં સર્વોચ્ચ બંધારણીય પદાધિકારી અને ત્રણેય સેના પાંખોનાં વડાં તરીકે પ્રસ્થાપિત કરી આ શોષિત-વંચિત - પીડિત સમાજને એની કલ્પનાં કરતાં વધારે મહત્ત્વ આપીને લોકશાહીનું એક સોનેરી પ્રકરણ આલેખ્યું છે. આદિવાસી સમાજ પાસે કેટલાંક અમૂલ્ય સંસ્કાર વારસો છે. એનું પરંપરાગત લોકસંગીત અને કંઠસ્થ સાહિત્ય તથા વિવિધ ઉત્સવો - પર્વો આજ પર્યંત અકબંધ રાખીને આદિવાસી 'આધુનિક' માનવીની પંગતમાં બેસવા પ્રયાસ કરતો રહ્યો છે. વેશ

**તંત્રીસ્થાનેથી...**

પરિધાનથી લઈ વસવાટ સુધીની બાબતોમાં એ બાકીની પ્રજા કરતાં જુદો પડે છે. એને એનાં પોતીકાં ગીત છે, નૃત્ય છે, લોકમેળાની પરંપરા છે. આજે પણ આદિવાસી યુવક મનગમતી છોકરીને શામળાજીના મેળાથી લઈ ક્વાંટના મેળામાંથી ભગાડી જાય છે અને સમાજ એનો ઉદારતાપૂર્વક સ્વીકાર કરે છે. 'ગુનો' અંદરોઅંદર કે પંચ પરમેશ્વરની જ હાજરીમાં 'ભાંગવા'માં આવે છે. સામાન્ય દંડ વસૂલાય છે અને પ્રેમી પંખીડાનો ઘરસંસાર ચાલુ થઈ જાય છે. આદિવાસી જનસમુદાયમાં આઝાદી પછી શિક્ષણનો વ્યાપ વધતાં તથા એને પણ અનુસૂચિત જનજાતિ તરીકે અનામતનો લાભ મળતાં ıજે આપણી પાસે સામાન્ય આદિવાસી પરિવારમાંથી આગળ વધી ઉચ્ચ વહીવટી પદો સુધી પહોંચેલા અધિકારીઓ છે. ગુજરાત સરકારે બિરસા મુંડાના સ્મરણમાં ઘણી આર્થિક યોજનાઓ અમલ બનાવી છે. રાજકીય દૃષ્ટિએ આદિવાસી પ્રજાને ટેકો મેળવવા માટે તમામ રાજકીય પક્ષો આકાશપાતાળ એક કરતી રહી છે. ડાબેરી વિચારધારા ધરાવતા પક્ષો પ્રત્યે ઝોક ધરાવતો આદિવાસી મતદાતા ધીરે ધીરે પોતાનો આગવો અભિપ્રાય ધરાવતો થયો છે. એથી ભારતીય જનતા પાર્ટીએ દ્રૌપદી મુર્મૂને રાષ્ટ્રપતિ પદનાં ઉમેદવાર ઘોષિત કર્યા ત્યારે એ નક્કી જ હતું કે એ ઘણા બધા વિપક્ષોના આદિવાસી ધારાસભ્યો અને સાંસદો પણ હિંમતપૂર્વક પાર્ટીલાઈન તોડી પોતાના સમાજની મહિલાનું સમર્થન કરશે. એવું થયું પણ ખરું. જો કે આદિવાસી સમાજના અનેક પ્રશ્નો અને કુદરતી હક્કો પ્રત્યે સરકાર આંખ આડા કાન કરતી રહી છે. જંગલમાં વસતા આદિવાસીને જંગલ પેદાશો લેવાનો અને જંગલની જમીન ખેડવાનો હક મળવો જોઈએ. એને જૂના પુરાણા કાયદા કનડતા હોય તો નવા ખરડા પસાર કરી ન્યાય અપાવવો જોઈએ. સૌથી મોટી વાત એના સ્વમાનની છે. ઊજળાં લોકો આદિવાસી સમુદાયને એની જૂની પુરાણી રીતરસણોને કારણે હેય દૃષ્ટિએ જોતાં હોય છે. એને એનું સ્વાભિમાન વહાલું હોય છે. મેવાડનું રાજતિલક આદિવાસીના હાથે થાય છે. બિરસા મુંડા અને મોતીલાલ તેજાવતના નેજા હેઠળ આપણો આદિવાસી આઝાદીનો જંગ પણ લડ્યો છે - શહીદી વહોરી છે. રાણા પ્રતાપને આપણા ખોખરા (વિજયનગર પંથક)ના આદિવાસી સમુદાયે જ આશરો આપ્યો હતો.

# આમીરખાન 'લાલસિંહ ચઢ્ઢા' અને વિવાદ

તહેવારોની મોસમ શરૂ થઈ ગઈ છે અને કોરોના તથા વાઈરસ ઈન્ફેકશન જેવા




રોગો પણ પગપેસારો કરી રહ્યા છે ત્યારે સિનેમાગૃહો હજી હાઉસફુલની રાહ જોઈ રહ્યા છે. હિન્દી અને ગુજરાતી નવી ફિલ્મો રિલીઝ થઈ રહી છે. પણ સિનેમાગૃહો છલકાતા જોવા મળતા નથી. 'નાડીદોષ', 'રાડો', 'સોનુ તને મારા પર....' વગેરે.... ગુજરાતી ફિલ્મો આવી. 'રાડો'ના વખાણ થયા, 'નાડીદોષ' વિશે પણ ઘણી ચર્ચા થઈ પણ ટિકિટબારી પર ટંકશાળ પડી હોય એવું બન્યું નથી.

હિન્દી ફિલ્મો પણ રિલીઝ થતી રહી. 'પૃથ્વીરાજ' 'રોકેટરી' વગેરે ફિલ્મો આવી પણ એ તરફ બહુ ઓછા પ્રેક્ષકેઓ ધ્યાન ખેંચ્યું. હવે, એક સુવિધા એ છે કે સિનેમા ગૃહમાં ફિલ્મ ન ચાલે તો એને ઓપન પ્લેટફોર્મ પર રજૂ કરી દેવી જેથી જે થોડી ઘણી આવક વધે તો છે ? 'રોકેટરી' ફિલ્મ એ રીતે હવે ઓપન પ્લેટફોર્મ પર ઉપ્લબ્ધ છે. પણ અત્યારે આમીર ખાન ફરી ચર્ચામાં છે. નર્મદા બંધના વિરોધનોમાં એણે કરેલી બયાનબાજી અને ઉપવાસને કારણે એની સામે ઘણી ઉહાપોહ થયો હતો અને એ સમયની એની ફિલ્મ પણ ગુજરાતના થિયેટરો સુધી પહોંચી શકી નહોતી. 'લાલસિંહ' ફિલ્મને કારણે આમીર ખાન



**મન-રંજન**
દ્વનિલ પારેખ

ફરી ચર્ચામાં છે. થોડા સમય પહેલા પોતે પતિ-પત્ની સામજદારીપૂર્વક લગ્નજીવનમાંથી મુક્ત થઈ રહ્યા છે. એવું નિવેદન આમીરખાન કિરણ રાવે આપ્યું હતું ત્યારે પણ એ ચર્ચામાં હતો. આમીર ખાનના એ બીજા લગ્ન હતા.

'લાલસિંહ' ફિલ્મ ઓસ્કાર વિજેતા ફિલ્મ 'ફોરેસ્ટ ગમ્પ' પર આધારિત છે. 'ફોરેસ્ટ ગમ્પ'ની ગણતરી વિશ્વની ઉત્તમ ફિલ્મોમાં થાય છે. હોલીવુડની આ ફિલ્મથી પ્રેરિત બોલીવુડની આ ફિલ્મ હવે રિલીઝ થવાની તૈયારીમાં છે ત્યારે આમીર ખાનના નામે ફરી વિવાદ શરૂ થયો છે. ફિલ્મનું ટ્રેલર જોઈને અભિપ્રાય આપવાથી કહે છે કે બંનેની તુલના શક્ય જ નથી. 'ફોરેસ્ટ ગમ્પ'નું માત્ર ઢાંચો સ્વીકારવામાં આવ્યો છે અને એને ભારતીય રંગરોગાન કરવામાં આવ્યા છે. આ પ્રકારે અગાઉ બન્યું નથી એવું પણ નથી. કેટલીયે ફિલ્મોની બેઠી નકલ આપણે કરી હોય એવું થયું છે એ સંદર્ભે મહેશ ભટ્ટની 'ક્રિમિનલ' અને 'ધ ફ્યુજિયિલ' ની તુલના કર્યો તો ખબર પડે કે ફ્રેમ ટુ ફ્રેમ એમાં સરખામણી છે. આમીરખાન ઉમદા અભિનેતા છે પણ 'લાલસિંહ' ને રાજકીય રંગ આપવાના અને બની બેઠેલા ફિલ્મ સમીક્ષકો દ્વારા ફિલ્મ રજૂ થાય એ પહેલા જ ટીકાનો સામનો કરવાનો આવી રહ્યા છે. કૃતિની રજૂઆત પહેલા જ આ પ્રકારનો વિવાદ થાય એ કોઈ પણ રીતે યોગ્ય નથી.

# 'દૂર હોય કે નજીક હોય ભીતર ભરી હોય સ્નેહ ની દોરી લંબાય હાથ ભાઈના ને અજવાસ ચારેકોર પથરાય એમ પણ બને'

રક્ષાબંધન એટલે "એક મીઠો સબંધ ''ભાઈ-બહેન'' નો"....

'' કોણ હલાવે લીમડી અને કોણ ઝુલાવે પીપળી ,
ભાઈ ની બે'ની લાડકી અને ભઈલો ઝુલાવે ડાળખી.''

જીવનના સમગ્ર દ્રશ્યને નિહાળતી એક ફલેસ બ્લેક ફિલ્મ ચાલે તો અનુભવની પીંછી વડે જિંદગીના કેનવાસ પર કેવાં કેવાં ચિત્રો ઉપસી આવે..અને એ ચિત્રોમાં કેટ કેટલા સબંધો.

સંબધોમાં ક્યાંક જિંદગી લહેરાતી હોય, અને ગૂંગળાતી પણ હોય.

ગુંગળામળ ભરેલાં જીવનના પાસામાં જોઈએ તો ઈગો ઉચ્ચ સ્તરે હશે. જે બગડેલા સંબધોમાં પહેલ કરવા પાછી પાની કરી રહ્યો હશે. જીવનમાં સૌથી મહત્વના સબંધની વાત આવે તો એ છે ભાઈ બહેનના સંબધ. આ એ સબંધ છે જે નાનપણ માં આપણે સાથે જીવ્યાં હોઈએ છીએ એ દરેક ઝગડા એ દરેક વસ્તુના ભાગ પડતા, છીનવતા કે શેરિંગ કરતાં. જૂઠું બોલતા, સ્વીકારતા , માર ખાતા કે માર ખવડાવતા.

હા, ભાઈ બહેનનો જ એક એવો સંબંધ છે જે આટલું બધું શીખવાડી જાય છે. સપના અને મોટા થઈને શું બનશું એ આવનારા દિવસોને રંગીન કલર વડે જિંદગીના સુવર્ણ કાળ ને કંડારી લેવાનું એ નાનકડી કલાઈ બહેન કે ભાઈની શીખવાડી જાય છે. એ કિટ્ટા બુચ્ચા, એ રમત રમતી વખતે જાણી જોઈને હાર સ્વીકારી એ જીત ની ખુશીમાં પોતાને જોવું.

એ ભાઈ બહેન જ કરી શકે. મનગમતી વસ્તુને એકલાં ખાવાની ઈચ્છા ના થાય અને એકાદ ટુકડો એનાં માટે રાખી મૂકવું એ આ પવિત્ર સંબધ જ કરી શકે. ચાલો આજે રક્ષા બંધનના આ પવિત્ર તહેવારે એ નાનપણની યાદોને કલાઈમાં બાંધી એ ટેરવાની પીંછી વડે બનાવી લઈએ એ આગવો નકશો જે નાનપણમાં કરતાં. આજની ફાસ્ટ લાઈફમાં એ બધુ ક્યાંક ખોઈ બેઠાં છીએ. ચાલો ફરી એકવાર દોડ પક્કડ રમીએ , છુપાઈ જઈએ અને થપ્પો કરી કરી લઈએ એ ખુશીઓનો. આજે આપણે આપણી કાર લઈને નિકળી પડીએ છીએ ભાઈના કે બહેનના ઘેર જવા , પણ એ સાયકલ યાદ છે જે પાછલી સીટ પકડીને છેક મેદાન સુધી પાછળ દોડીને જેણે શીખવાડી હતી એ... પહેલું ડ્રાઈવિંગ, બેલન્સિંગ, શેરીંગ, કનફેસ આ બધાં પાઠ શિખવાડનાર એક જ સંબધ ભાઈ બહેનનો. આપણો અવાજ સાંભળી આપણી પરિસ્થિત ઓળખી જાય એ ભાઈ જ હોય. આપણા હાથમાંથી ચિંતા ગાયબ કરી નાખે એ ભાઈ. કેટલાં સુરક્ષિત હોઈએ છીએ એની છત્ર છાયામાં આપણે. કોઈ સહેજ કંઈ કહે તો ભાઈ નાનો હોય કે મોટો આપણે કહીએ મારા ભાઈને કહી દઈશ. આ વાક્ય એટલે સુરક્ષા કવચ. ભાઈ બહેનના સંબંધ વગર જીવન બહુ અઘરું છે, જીવન બહુ કપરું છે, જીવન અટપટું છે. કોઈપણ ધર્મના પુસ્તક વાંચ્યા પછી પણ સાંત્વના જ્યાં ના મળે એ ભાઈ સાથે વાત કરીને મળે. રક્ષાબંધનનો પર્વ એટલે દ્રષ્ટિ પરિવર્તનનો પર્વ, ભાઈ-બહેનના વિશુદ્ધ પ્રેમનું અસ્ખલિત વહેતું ઝરણું. જેનો ઘોધ કયારેય ઓછો થતો નથી. બહેનની રાખડી હાથ પર બંધાવતાની સાથે જ એ રમતિયાળ ભાઈમાં પરિવર્તન આવી જાય છે. એક જવાબદારી આવી જાય છે. બહેનના રક્ષણની જવાબદારી એ સ્વીકારે છે, જેથી બહેન સમાજમાં નિર્ભયપણે ફરી શકે. રાખડી એ માત્ર સૂતરનો તંતુ નથી, એ તો શીલ અને સ્નેહનું રક્ષણ કરતું તેમજ જીવનમાં સંયમની મહત્તા સમજાવતું એક પવિત્ર બંધન છે. ભાઈના હાથે રાખડી બાંધીને બહેન માત્ર પોતાનું જ રક્ષણ ઈચ્છે છે એટલું જ નહિ, પરંતુ સમસ્ત સ્ત્રી સમાજને પોતાના ભાઈનું રક્ષણ મળે એવી ભવ્ય ભાવના અને અપેક્ષા રાખે છે. સાથોસાથ પોતાનો ભાઈ અંતઃકરણના શત્રુઓ – કામ, ક્રોધ, લોભ, મોહ, મદ્, મત્સર, આશા, તૃષ્ણા વગેરે ઉપર વિજય મેળવે એવી આકાંક્ષા પણ સેવે છે.

રાવણ હોય કે શકુનિ બહેન માટે ન્યોછાવર કરે જીવન એ ભાઈ .... ભાઈ એટલે ઈતિહાસ રચી દે બહેન માટે. મને યાદ છે એક દીવસ મારા ભાઈને કોઈએ પૂછેલુ કે તને મહાભારત માંથી કયું પાત્ર ગમે? અને શા માટે? તો એણે જવાબ આપેલો કે મને શકુનિ ગમે કારણ મને મારી બહેન ગમે છે. હું મારી વાત કરું તો જ્યારે હું નાની હતી ત્યારે ઘરમાં એક હીંચકો (ખાટ) હતો.એમાં અમે બન્ને બહેનો બેઠા હોઈએ સળીયો પકડીને અને ભાઈ જોરદાર ફાસ્ટ હીંચકા નાંખે).

હીંચકા એટલા ફાસ્ટ હોય કે ના નીચે જોવાય ના ઊંચે, અને બૂમો તો ભૂલથી પણ ના પડાય.જેવી બૂમો પાડી મમ્મી મમ્મી ત્યાં જ બે ચોટલી પકડાઈ ગઈ હોય.. આ સ્કૂલમાં બે ચોટલી ડીસીપ્લીન માટે ઓછી પણ ભાઈ ને ખેંચવાની મજા પડે એના માટે વધુ હશે. મિનિટે મિનિટે હેરાન અને પરેશાન કરતો ભાઇ દિવસમાં કેટલી વાર ધમકી સાંભળતો કે મમ્મી ને કહી દઈશ.અને બધા પ્રોબ્લેમ એને કહેતા થઇ ગયા અને ખબર જ ના પડી. આજે પણ બધું સાઈડમાં અને એક ફોન જાય કે બેક્રમાં આમ થયું, તબિયતને આમ થયુ ત્યાં એ સાક્ષાત હાજર હોય. વાતોના દિલાસા કરતાં ભાઈની હાજરી જ બધું દુર કરી દેતી. મને યાદ છે અમે નાનપણ માં જેમ્સ વધુ ખાતા.એમાં કલર કલર અલગ પાડી ભાગ પાડવાના. મારાં ભાગની જો નીચે પડી જાય તો ભાઈ ઉઠાવી લે અને કહે રામ કે ભૂત.. જો ભૂત કહું તો ખાવાના મળે અને રામ કહું તો કહે નીચે પડેલું કોણ ખાય બાવાજીનો બેટો ખાય. એટલે બન્ને બાજુથી રહેવાનું. આમપણ નાના હોવાથી ભાગ પાડવા છતાં એકાદ બે ચોકલેટ વધુ જ મળતી. ત્યારે રામ કે



**એમ પણ બને**
પારૂલ અમિત

ભૂતનો કન્સેપ્ટ સમજમાં નહોતો આવતો. પણ આજે સમજાય છે, પરિસ્થિતિ સામે કેમનું લડવું, છોડવું અને ત્યાગવું. એટલું જ.. દુનિયામાં બધા સંબધોમાંથી સર્વોત્તમ સબંધ હોય તો ભાઈ બહેનનો. એક જ નાભિ બિંદુથી એક સરખા જ રક્ત વડે ધબકતા બે નટખટ હ્રદય એટલે ભાઈ બહેન. સૌથી વધારે પજવતું અને આંચાઈ કરતું પણ જરૂર પડ્યે ત્યારે ભેટી પડતું પાત્ર એટલે ભાઈ. બીજા દોસ્તો સાથે ઝગડો થાય, વાગે ને પડીએ ત્યારે દોડીને આવી ચડેઅને બોલે મારી બહેન ને કોણે રડાવી એ વાક્યમાં જ સામે ની ટુકડી ઢીલી પડી જાય અને મારો ભાઈ મારી ઢાલ એ છત્રછાયા મળતા વાગેલું બધું ભુલી જવાય. મમ્મીની ગેરહાજરીમાં ફૂંક મારી થુંક લગાડી આપે એ ભાઈ. ભાઈ બહેન સાથે રમશે, ઝઘડશે, એક વસ્તુ માટે બાથ મ બાથ માં આવી જતા, પણ જયારે એજ ભાઈ બહેન એકલા હોય ત્યારે વસ્તુનો ભાગ સાઈડમાં કરી દે. એક ચોકલેટ પણ ના ખાઈ શકે બહેન વગર એ ભાઈ જ હોઈ શકે. એક પણ પ્રોગ્રામ સરખો ના હોવા દે અને ંદ્ નો રિમોટ સંતાડી દે એ નખખટ ભાઈ.

મમ્મી પપ્પા પણ વચ્ચે ના પડે આ મીઠાં તકરાર ને માણવા દે.કારણ એ જાણે છે જયારે બહેન સાસરે જશે ત્યારે સૌથી વધુ મિસ આ ભઈલો જ કરશે. ભાઈ અને બહેનનો પ્રેમ એક એવી લાગણી છે કે જેનુ વર્ણન ના હોય માત્ર એક અનુભૂતિ હોય. જરૂર પડ્યે માં બાપ બને, તો જરૂર પડ્યે મિત્ર બની અડીખમ ઉભો રહી પ્રેમ વરસાવતો, લાગણી ધરાવતો તેમજ સર્વ પ્રકાર ની મનોકામનાઓ પૂર્ણ કરનારો , મિત્રની જેમ મસ્તી કરનારો , વડીલો ની જેમ સલાહ-સૂચન આપનાર ભાઈની રક્ષાની મનોકામના બહેન આ જીવન કરતી રહે છે. અને આ "સ્નેહની ભાવનાઓ સાથે જોડાયેલો એક અહેસાસ એટલે રક્ષાબંધન". બહેન ભાઈની રક્ષા માટે રક્ષાદોરી એટલે કે રાખડી બાંધે છે અને ભાઈ પણ બહેન માટે જીવનની તમામ ખુશીઓ માટે બધું ન્યોછાવર કરી દે છે. આ અણમોલ સંબંધ દિલથી બંધાયેલો હોય છે. મોટામાં મોટી આપત્તિ અને નાનામાં નાની મુશ્કેલીઓમાં પણ મનને બળ આપે છે ભાઈ નો પ્રેમ. ભાઈ બહેનના મધ મીઠાં સંબધો ને તાજા કરાવતી

એક રચના રજૂ કરું છું.જયારે બહેન પિયર છોડી જવાની હોય એ વેળાની.

શીર્ષક : મારી લાડલી બહેન
જો આ શ્રુંગાર, હાથની મેંદી
અને આ સગુનના દાગીના
બધું જ આવી ગયું,
પણ આ શું?
આંખોમાં આંસુ પણ,
આ કેવી ગડ મથલ?
તને એને મળવાની,
તારા કોડ પુરા કરવાની અમારી જીદ
પ્રભુતાના ડગ... ને માટે પગનો થનનગાટ

અનુસંધાન પાના નં. ૭ પર

# હ્રદયને ઉઝરડો પડે અને છતાં પણ 'આહ' ને બદલે 'વાહ'ની અનુભૂતિ

મનને ગમ્યુ તે સુખ, ન ગમ્યુ તે દુખ. મનને ભાવે તે સુંદર, ન ભાવે તે અસુંદર ? તો પછી માલિક કોણ, મન કે તમે? માત્ર શારીરિક વિશ્વમાં જીવતા અને કેવળ પોતાના જ દૃષ્ટિકોણથી શેષ દુનિયાને મુલવીને જીવનની ઈતિશ્રી સમજીને પોતાની જાતને બુદ્ધિશાળી પ્રાણીમાં ખપાવતા માનવોથી આ પૃથ્વી ખદબદે છે. કોઈ નવલકથામાં વાંચેલી એક અભિવ્યક્તિ અંતરમનમાં ઉતરી ગયેલી .''ચામડીના ઉપરના સ્તર પર જીવતો માનવ''. આજના માનવીને મહદઅંશે સ્પર્શતું આ કટુ તથ્ય કેટલું વાસ્તવિક છે ! વાત કરવાની છે સૌંદર્ય વિશે .તો વાતની શરૂઆત સ્વભાવિક રીતે શારીરિક સુંદરતાથી જ કરવી પડે. ચાલો એક પ્રયોગ કરીએ, આંખો બંધ કરીને સૌંદર્યની આપણી અંગત વિભાવનાને મૂર્તિમંત કરવા માટે કલ્પનાના ઘોડાને છુટ્ટી લગામ આપીએ. બંધ પોપચાના પડદા પર શાની છબી ઉપસી આવી? નેવું ટકા ભારતીયોના અંતરમનના પડદે ઐશ્વર્યા રાય અને નેવું ટકા પાશ્ચાત્યવાસીઓના અંતરમનના પડદે શેરોન સ્ટોનની ઝલક જ જોવા મળી હશે. આપને શું દેખાયુ ? કહેવાય છે કે લયલા એક એવી સ્ત્રિ હતી જેને કોઈ પુરૂષ સુંદર તો ન જ કહે, પણ મજનુની દીવાની આંખોમાં તે અપ્રતિમ સૌંદર્યમુર્તિ જ હતી.

મારે સૌંન્દર્યનો મારો પોતાનો જ દૃષ્ટિકોણ રજૂ કરવો છે. મારા શૈશવમાં જ્યારે હું નહોતો પુરૂષ કે નહોતી સ્ત્રી, મનોવિભાજનના તર્કથી દૂર રહેવાની સદભાગી વય હતી. હતો તો માત્ર એક ધબકતો જીવ. ખેતરો ખુંદી આલેચની ડુંગરીઓનું આરોહણ કરતા કરતા ડુંગરની ટૂંક પર પહોંચી ચડેલો હાંફ ઉતારવા એકાદ પથ્થરશિલા પર બેસી આંખો બંધ કરતો ત્યારે ધમણની માફક ચાલતા શ્વાસ, આંખોની નસોમાં ધસમસ વહેતું રક્ત પણ બંધ આંખે દેખાતું. મારા જ કાનમાં મારા જ શરીરયંત્રની અનુભુતિ આસપાસના પર્યાવરણની ચોગરદમ સુંદરતાના ગહનત્વને વધારે પ્રબળ બનાવતી. આવી પ્રત્યેક ક્ષણ કદાચ મને અસ્તિત્વની વધુને વધુ સમીપ લઈ જતી.

મારા ગામના પદરે વહેતી ''ફુલઝર''ના બિલોરી રેતાળ જળમાં એક દિવસ શ્વાસ રોકી, ડુબકી લગાવી, તળીયે આંખ ખોલી તો જોયું એક મુગ્ધ થઈ જવાય તેવું વિશ્વ. ત્યારે પ્રથમ વાર પ્રતીતિ થઈ કે રેતના પણ લાખો રંગો હોય છે. દુધિયા પાણીમાં દોડાદોડી કરતી સોનેરી, રુપેરી ઝીણી ઝીણી માછલીઓના વૃંદમાંથી એકાદી તમારી સમક્ષ આવી તમારી આંખોમાં આંખ નાંખી તાકી રહેતી જોઈ છે કદી ? ત્યારે હ્રદયમાં એક વિચાર ઉગ્યો કે આ જ તો સાક્ષાત સ્વર્ગ છે .કોને મોક્ષ જોઈએ છે ? હ્રદયને ઉઝરડો પડે અને તોય ''આહ'' ને બદલે ''વાહ'' ની અનુભૂતિ આપે એવા દૃષ્યોના ટુકડા અહીં ધરવા છે.

ગ્રીષ્મની ધોમધખતી બપોરે એક વૃક્ષ નીચે એક દૃષ્ય જોઈને હું અને મારા સ્કૂટરની બ્રેક, બંને ચોંટી જ ગયેલા. લીમડાના ઘટાદાર વૃક્ષ નીચે એક મજૂર સ્ત્રી ખાડા ખોદતા ખોદતા બપોરના ''બ્રેક''માં કદાચ ભોજન કર્યા બાદ આડા પડખે થયેલી અને થાકના લીધે ભર ઊંઘમાં સૂતેલી. પહેરવેશમાં ઘાઘરી, પોલકું અને ઓઢણી. ડાબા હાથનું ઓશિકું બનાવી જમણા હાથને આંખ પર ઓઢી મીઠી નીંદર માણતી આ શ્રમજીવિનીનું દોઢેક વર્ષનું અડધું પડધું નાગું છોકરુ તેની પડખે પલાંઠી વાળી એક હાથ જમીન પર ખોડી બીજા હાથે માનું પોલકું અધ્ધર કરી પોતાની ભુખ ભાંગતુ હતું. ધૂળ ધમોયા માં-દીકરાના આ સાયુજ્યની નૈસર્ગિકતા આજે પણ મારા બંધ પોપચા પાછળ તાદ્રશ છે.

તે દિવસે મને પ્રથમ પ્રતીતિ થઈ કે 'મા' એ માત્ર એક શબ્દ કે વ્યક્તિ નહીં પરંતુ એક અવસ્થા છે, ઘટના છે. ગર્ભવતી સ્ત્રીને તમે કદી ધ્યાનથી નીરખી છે ? ભલે તે કાળી હોય કે સુંદર હોય, સ્થુળ હોય કે પાતળી હોય પણ પોતાની અંદર પાંગરી રહેલા પિંડ પ્રત્યેની મમતાનુ માધુર્ય તેના અંગેઅંગમાં અને સવિશેષતો તેની આંખ અને સ્મિતમાં અવિરત છલક્યા જ કરતું હોય છે. 'માં એક અનુભૂતિ છે, સંબંધ નહિં.



**જાત સાથે વાત**
ધર્મેન્દ્ર ત્રિવેદી

બહુમાળી મકાનના બાંધકામની સાઈટ પર કામ કરતા મજુરોમાંની એક બાઈ, ટોળાથી વિખૂટી પડી એક હાથે રોટલો ખાતી અને બીજા હાથે કામચલાઉ બનાવેલ પારણામાં પોઢેલા પોતાના બાળકને હિંચોળતી જોઈ છે કદી ? કોયલના બચ્ચાને પોતાનું ગણી પોતાની વાણી શિખવતા કાગડાને, જ્યારે તે જ બચ્ચું કુ . . .હુ .કુ .હુ .બોલી આઘાત આપે ત્યારે કાગડાને થતી અકળામણ. તેના શરીરના હાવભાવમાં થી સ્પંદિત થતી પ્રકૃતિએ આચરેલા એક કટુ-મધુર સમાયોજનના સૌંદર્ય વિશે વિચાર્યુ છે કદી ? કોઈ કાળિયું શેડાળું સંતાન ધીંગામસ્તી કરતું કરતું પોતાની માંના ગળે વિંટળાઇ પડે ત્યારે માં-સંતાનના એકરૂપ થઇ વહેલા આનંદના સૌંદર્યના સહભાગી, સાક્ષી બન્યા છો ? અદ્વૈત બીજું કંઈ કેવી રીતે હોઈ શકે ? અદ્વૈતવાદને પોથીમાં કેમ શોધો છો મિત્રો ?

ઢળતા સૂરજની સામે રતુમડા અજવાસમાં ખખડી ગયેલી સાયકલના કેરિયરમાં દાતણનો ભારો બાંધી એક યુવક પત્નીને સાયકલની ફ્રેમ પર બેસાડી પોતાના કુબા ભણી જતો હતો. તેણે આગળ બેઠેલી પત્નીના કાનમાં કશુંક કહ્યું અને તે તન્વીશ્યામા ખિલખિલાટ હસી પડી. દુનિયાથી આગવી પોતાની અલિપ્ત દુનિયાના આ મહારાજા અને મહારાણીનો આ ખિલખિલાટ, સાક્ષાત સૌંદર્ય તો છે. સૌંદર્ય સ્થિતિ છે, હોવાપણું છે, અવસ્થા છે. પરંતુ તેની ઉત્પત્તિ તો હરદમ વ્યક્તિ, પ્રાણી કે પરિસ્થિતિજન્ય લાગણીની ભીનાશના આવિર્ભાવમાંથી જ થતી હોય છે. તેને કોઈની માન્યતા, સ્વિકાર કે સમર્થનની જરૂર નથી. જરૂર છે તમારા પોતાના અસ્તિત્વની સુંદરતાની, કે પછી ઐશ્વર્યામાં જ મજા માણવી છે ?

**હેન્ડબ્રેક :**

" સૌંદર્ય ત્વચાના બાહ્ય પડળ પુરતું સીમિત નથી,
પરંતુ ત્વચાના સાત પડની નીચે જે વહે છે તે છે."

- ધ.ત્રિ.

djtrivedi@gmail.com
9978405967